# એડમીશન કમિટી ફોર પ્રોફેશનલ ડિપ્લોમા કોર્ષીસ (ટેકનીકલ)

બીજો માળ, ACPC બીલ્ડીંગ, એલ. ડી. કોલેજ ઓફ એન્જીનીયરીંગ કેમ્પસ, નવરંગપુરા, અમદાવાદ – ૩૮૦ ૦૧૫


## ડિપ્લોમા ઈજનેરી અભ્યાસક્રમો ચલાવતી સ્વનિર્ભર સંસ્થાઓ ખાતે જાન્યુઆરી સેશન- બાય એન્યુઅલ પ્રવેશ બાબતે (પ્રવેશ વર્ષ: ૨૦૨૫-૨૬)

**રાજ્યની ડિપ્લોમા ઈજનેરી અભ્યાસક્રમ ચલાવતી સ્વનિર્ભર સંસ્થાઓ ખાતે જાન્યુઆરી સેશન- બાય એન્યુઅલ પ્રવેશ કાર્યવાહી નીચે મુજબ છે.** સદર પ્રક્રિયામાં જુલાઈ સેશન બાદ ખાલી રહેલી બેઠકો પરનો પ્રવેશ ગુજરાત રાજ્યનાં પ્રવર્તમાન જાહેરનામાં મુજબ કરવાની થાય છે. જેના અનુસંધાને સ્વનિર્ભર ડિપ્લોમા ઈજનેરી સંસ્થાઓ ખાતે ખાલી રહેલી બેઠકોની માહિતી પ્રવેશ સમિતિની વેબસાઈટ https://acpdc.gujarat.gov.in/ ઉપર મુકવામાં આવેલ છે.

### પ્રવેશ કાર્યવાહીનો કાર્યક્રમ

| Sr. No. | Activities | Date |
|---|---|---|
| 1 | Display of Vacant (non-allotted) Seats for Admission (by ACPDC) | 01-01-2026 |
| 2 | Registration, Merit, Counselling and Admission of the Candidate by concerned institute at institute level | 01-01-2026 to 19-01-2026 |
| 3 | Last date of admission at institute level | 19-01-2026 |

સ્વનિર્ભર ડિપ્લોમા ઈજનેરી સંસ્થાઓ ખાતે જાન્યુઆરી સેશન બાય એન્યુઅલ પ્રવેશ જે તે સંસ્થા સ્તરે યોજાશે. ઉમેદવારે જે-તે સંસ્થાના નોટીસ બોર્ડ, સંસ્થા અને સમિતિની વેબસાઈટ ઉપર મુકવામાં આવેલ ખાલી બેઠકોનો અભ્યાસ કરી અને સ્વનિર્ભર સંસ્થાઓની ફી ને ધ્યાને રાખી સંબંધિત સંસ્થાઓ દ્વારા જાહેર કરેલ કાર્યક્રમ મુજબ જે તે સંસ્થા ખાતે નિયત ફી રૂ. ૨૫૦/- રોકડા ભરીને પ્રવેશ ફોર્મ મેળવી સંસ્થા ખાતે પ્રવેશ ફોર્મ જમા કરાવવાનું રહેશે. જે તે સંસ્થાના પ્રવેશ કાર્યક્રમ અનુસાર ઉમેદવારે સ્વખર્ચે જે-તે સંસ્થા ખાતે જવાનું રહેશે.

**Eligibility: The minimum eligibility criteria shall be as prescribed under sub-rule (5) of the notification No. GH/SH/20/2020/PVS/102020/199/S dated. 12/06/2020 and its further amendments.**

**મેરીટ અને સીટ અલોટમેન્ટ ની પધ્ધતિ:** સમિતિની વેબસાઈટ https://acpdc.gujarat.gov.in/ ઉપર ઉપલબ્ધ છે.

સંસ્થાઓ ની બેઠકો, ફી તેમજ અન્ય જરૂરી માહિતી સમિતિની વેબસાઈટ https://acpdc.gujarat.gov.in/ ઉપર ઉપલબ્ધ છે. પ્રવેશ કાયમ કરાવવા માટે અસલ પ્રમાણપત્રોની ચકાસણી અર્થે આવશ્યક હોઈ સાથે રાખવાના રહેશે. ઉમેદવારે કોઈપણ અસલ પ્રમાણપત્રો સંસ્થા ખાતે જમા કરાવવાના રહેશે નહી. પ્રવેશ મળશે જ તેની કોઈ બાંહેધરી આપવામાં આવતી નથી. વધુ માહિતી તેમજ Latest Updates માટે સમિતિની વેબસાઈટ https://acpdc.gujarat.gov.in/firstyear.html વખતો વખત જોવા જણાવવામાં આવે છે.

તા.૦૧.૦૧.૨૦૨૬ - મેમ્બર સેક્રેટરી

**Help Line Number: 079-26566000**